Australian Government
Department of Social Services

# ઘરેલુ અને પારિવારિક હિંસા

DSS1818.02.16

દરેક પોતાનાં પરિવારની ખુશી, તંદુરસ્તી અને સલામતી ઇચ્છે છે.



આપણને બધાને હિંસા રહિત ઘરમાં અને સમાજમાં રહેવાનો હક છે.



ઓસ્ટ્રેલિયામાં સ્ત્રીઓ અને પુરુષોને સમાન હકો છે.




પારિવારિક હિંસા, જાતીય હુમલા અને બળજબરીથી કરવામાં આવતાં લગ્નો, ઘરની અંદર થતાં હોય તો પણ ઓસ્ટ્રેલિયામાં તે ગુનો છે. ફક્ત મારપીટ જ પારિવારિક હિંસા નથી. આક્રમક રીતે બોલવું કે બૂમો પાડવી, બાળકોને ધમકાવવાં-બીવડાવવાં, પરિવારનાં નાણાં પર પોતાનો કાબૂ રાખવો અથવા સ્ત્રી કે પુરુષ સાથીને મિત્રો અને સગાસંબંધીને મળવા ન દેવું એ પણ પારિવારિક હિંસા જ છે.



ઓસ્ટ્રેલિયાની પોલીસ પાસે જવું સલામત છે અને તેમનાં પર વિશ્વાસ મૂકી શકાય છે. જો તમે કે તમારાં કોઇ ઓળખીતાં હાલમાં જોખમમાં હોય તો, પોલિસને વાત કરો અથવા તેમને 000 પર ફોન કરો.




ઓસ્ટ્રેલિયામાં જે તે સંસ્કૃતિની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને અપાતી સેવાઓ છે જે તમને સલામત રહેવામાં અને આનંદથી જીવવામાં મદદ કરી શકે છે.




તમે આ બાબતોમાં મદદ મેળવી શકો છો:

- ઘરેલુ અને પારિવારિક હિંસા
- જાતીય હુમલો
- લગ્ન માટે બળજબરી
- બાળક પર અત્યાચાર
- મૌખિક અત્યાચાર




જો તમે જોખમમાં હોવ તો 000 પર પોલીસને ફોન કરો.
જો તમારે ખાનગી સલાહ અને માહિતીની જરૂર હોય તો 1800RESPECT ને 1800 737 732 પર મફત ફોન કરો. અથવા તેમની વેબસાઇટ www.1800RESPECT.org.au પર જાવ.
જો તમારાં પર બળજબરીથી લગ્ન કરાવી દેવાનું જોખમ હોય તો ઓસ્ટ્રેલિયાની ફેડરલ પોલિસ (Australian Federal Police) ને 131 237 પર ફોન કરો.
જો તમારે દુભાષિયાની જરૂર હોય તો, ભાષાંતર અને દુભાષિયા સેવા (Translating and Interpreting Service) ને 131 450 પર મફત ફોન કરો.

(C) CALDWorld M: 0419525119